6. આબુનું વર્ણન

દલપતરામ કવિ

જન્મ : ઈ.સ. ૧૮૨૦ મૃત્યુ : ઈ.સ. ૧૮૯૮

દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં થયો હતો. પછીથી તેઓ અમદાવાદ વસેલા. અર્વાચીન ગુજરાતી કવિતાના પહેલા નોંધપાત્ર કવિ અને સારા ગદ્યકાર. સમાજ સુધારક તરીકે દલપતરામ ગુજરાતના સંસ્કાર જીવનમાં માનભર્યું સ્થાન ધરાવે છે. ગોરા અધિકારી ફાર્બસને ગુજરાતી શીખવવા અમદાવાદ આવ્યા હતા. ત્યાર બાદ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ના મંત્રી અને 'બુદ્ધિપ્રકાશ'નાં તંત્રી રહ્યા હતા. ફાર્બસ-દલપતનું મિલન ગુજરાતનો એક મોટો સાંસ્કૃતિક બનાવ કહેવાય છે. તેમણે 'દલપત કાવ્ય ૧-૨' દ્વારા સમાજને રંજન સાથે જ્ઞાન આપીને જીવન-કવન દ્વારા ધીરેધીરે સુધારાનો સાર સમજાવ્યો છે. ગીતો, ગરબીઓ, પદો અને પ્રસંગ કાવ્ય જેવાં કાવ્યસ્વરૂપોમાં એમણે રસિકોને ભરપૂર કાવ્યરસ પાયો છે. તેમની ભાષા સરળ, સુંદર, મધુર અને સાહજિક છે. છંદોવિધાન મોહક છે અને અલંકારની સૂઝ પણ ઊંડી છે. પરિણામે એમનાં કેટલાંક કાવ્યો તો આજ દોઢ સદી પછી પણ આસ્વાદ્ય રહ્યા છે.

ગુજરાતી સાહિત્યમા મધ્યકાળમાં પ્રવર્તતા પદ, રાસ, ફાગુ, ગરબી વગેરે સ્વરૂપોમાં ઊર્મિકવિતા જ દર્શન થાય છે. વિશેષ કરીને નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં, મીરાંબાઈની પદ કવિતા, દયારામની ગરબી વગેરેમાં ઊર્મિકવિતાના મનહર દૃષ્ટાંત જોવા મળે છે. તેમ છતાં આપણે ઊર્મિકવિતા અંગેની સમતી ક્ષિતિજો વિસ્તારીએ તો અંગ્રેજી કેળવણીના સંપર્કના પરિણામે જે ઊર્મિકાવ્ય ગુજરાતી સાહિત્યમાં રચાવા લાગી છે તે સ્વરૂપ, વિષય, બાની, અભિવ્યક્તિ સર્વ રીતે ભિન્ન રહી અને આજની ઊર્મિકવિતા સ્વરૂપે પ્રગટી.

રાજસ્થાનમાં આવેલા ગિરિમથક યાને ગિરિરાજ આબુનું ખૂબ જ સરસ રીતે ભાવવાહી શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં આપવામાં આવેલી ઉપમાઓ દેવતા બીજ, દેવ હાથી અને ખાસ તો વર્ણનકલા જેવી કે-ઝૂકી ઝાડનાં ઝુંડની ઝાઝી ઝાડી તથા તહાં તેર ગાઉતણે તો તળાવે ધ્યાન ખેંચે તેવી છે અને કવિતાને એક રમ્યતા સાથે લય બક્ષે છે જેથી કંઠસ્થ થઈ જાય છે.

ભલો દૂરથી દેખતાં દિલ ભાવ્યો,
ચઢી જેમ આકાશમાં મેહ આવ્યો;
દીસે કુંડનો દેવતા બીજ જેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !
તિથિ પૂનમે શોભિયા સાંજ ટાણે,
બન્યા ઘંટ બે સૂર્ય ને સોમ જાણે;
દીપે દેવ હાથી કહે કોઈ કેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !

કદી ઉપરે જૈ જુઓ આંખ ફાડી,
ઝૂકી ઝાડનાં ઝૂંડની ઝાઝી ઝાડી;
મહા સ્વાદુ માગ્યો મળે મિષ્ટ મેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !
દિસે વાઘ ને વાંદરા સિંહ હર્ણાં,
ઝરે નિર્મળાં નીરનાં નિત્ય ઝર્ણાં;
શીળો ને સુગંધી વહે વાયુ તેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !
તહાં તેર ગાઉતણે તો તળાવે,
પીવા ગામ અગિયારના લોક આવે;
જહાં જેઠ માસે ન દીસે પ્રસેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !

ટિપ્પણ

દિલ - હૃદય, ઉર, **ભાવ્યો** (અહીં) ગમવું **મેહ** - વરસાદ **ગિરિરાજ** - શ્રેષ્ઠ કે મોટો પર્વત **તિથિ** - હિંદુ મહિનાનો દિવસ, મિતિ **સોમ** - ચંદ્ર **મિષ્ટ** - મીઠું, મધુર **શીળો** - શીતળ **પ્રસેવો** - પરસેવો

સ્વાધ્યાય

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.

1. આબુ પર કયા પ્રાણીઓ વિહાર કરે છે ?
2. આબુ પર કેવાં ઝરણાં વહી રહ્યાં છે ?
3. જેઠ માસમાં પણ આબુ પર કેવું વાતાવરણ હોય છે ?

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.

1. આબુ પર્વતને નજીકથી જોતા કવિને કેવી અનુભૂતિ થાય છે ?
2. પૂનમની સાંજે આબુ કેવો લાગે છે ?
3. આબુને ઉપરથી જોતા કેવું દૃશ્ય રચાય છે ?

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

1. આબુના સૌંદર્યનું વર્ણન કરો.
2. કવિ દલપતરામે આબુની સરખામણી કોની કોની સાથે કરી છે તે વર્ણવો.

પ્રશ્ન 4. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.

1. ભલો દૂરથી દેખતાં દિલ ભાવ્યો,
   ચઢી જેમ આકાશમાં મેહ આવ્યો.
2. તિથિ પૂનમે શોભિયા સાંજ ટાણે,
   બન્યા ઘંટ જે સૂર્યને સોમ જાણે.

પ્રશ્ન 5. ઉચ્ચારની દૃષ્ટિએ સમાન લાગતા શબ્દોના અર્થ જાણી તેનો વાક્યમાં પ્રયોગ કરો.

ભાવ્યો - આવ્યો, ટાણે - જાણે, ફાડી - ઝાડી, હરણાં - ઝરણાં

પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.

મેહ, સૂર્ય, આંખ, વાયુ, નીર

પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.

પૂનમ, સુગંધ, ગામ, સાંજ

આટલું કરો

1. તમે આબુ પર્વત પર પ્રવાસ કરીને આવ્યા છો તે રીતે કાવ્યનું અહેવાલમાં રૂપાંતર કરીને વર્ગખંડમાં તેનું વાંચન કરો.
2. પ્રકૃતિ કાવ્યોને બુલેટીન બૉર્ડ પર રજૂ કરો.
3. તમારા ગામ કે શહેરની નજીકના પર્વતનું વર્ણન કરતું કાવ્ય લખી શિક્ષકને બતાવો.

•